RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૪૫૧ તા.૩–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન.બથવાર
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ )
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન.બથવારની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ડે.કમિ.(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા. ૨–૨–૧૧ના મધ્યસ્થ મહેકમ વિભાગનાં પત્ર નં. જી.એ.ડી./ઈ.એસ.ટી./૩૭૪૧માં સુરત મહાનગર સેવાસદનમાં કુલ ૬૪૭ વ્હીકલની(થ્રી વ્હીકલ/ ફોર વ્હીકલની) સંખ્યા છે અને ડ્રાઈવરોની સંખ્યા પણ ૬૪૭ છે અને આપશ્રીના મધ્યસ્થ મહેકમ વિભાગનાં તા. ૩–૧૦–૧૧ના પત્ર નં. જી.એ.ડી./ ઈ.એસ.ટી./૨૨૮૧માં કુલ વ્હીકલની સંખ્યા ૭૫૬ જણાવો છો અને કુલ ડ્રાઈવરોની સંખ્યા સ્પષ્ટ પારદર્શી જણાવેલ નથી જેથી બંને પત્રોમાં કઈ માહિતી સાચી છે જે અંગેની તથા કુલ ડ્રાઈવરો અંગેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૨) ડ્રાઈવરોની જાહેરાત નં.પી.આર.ઓ ૫૯૭ માં કેટલા ડ્રાઈવરોને નિમણુંક આપેલ છે જેની સંખ્યાની માહિતીની નકલ ફકત સંખ્યા આંકડામાં આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૫૧/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન.બથવારની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ડે.કમિ.(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા. ૨–૨–૧૧ના મધ્યસ્થ મહેકમ વિભાગનાં પત્ર નં. જી.એ.ડી./ઈ.એસ.ટી./૩૭૪૧માં સુરત મહાનગર સેવાસદનમાં કુલ ૬૪૭ વ્હીકલની(થ્રી વ્હીકલ/ ફોર વ્હીકલની) સંખ્યા છે અને ડ્રાઈવરોની સંખ્યા પણ ૬૪૭ છે અને આપશ્રીના મધ્યસ્થ મહેકમ વિભાગનાં તા. ૩–૧૦–૧૧ના પત્ર નં. જી.એ.ડી./ ઈ.એસ.ટી./૨૨૮૧માં કુલ વ્હીકલની સંખ્યા ૭૫૬ જણાવો છો અને કુલ ડ્રાઈવરોની સંખ્યા સ્પષ્ટ પારદર્શી જણાવેલ નથી જેથી બંને પત્રોમાં કઈ માહિતી સાચી છે જે અંગેની તથા કુલ ડ્રાઈવરો અંગેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૨) ડ્રાઈવરોની જાહેરાત નં.પી.આર.ઓ ૫૯૭ માં કેટલા ડ્રાઈવરોને નિમણુંક આપલ છે જેની સંખ્યાની માહિતીની નકલ ફકત સંખ્યા આંકડામાં આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૨૪૯૮તા.૧૯–૧૦–૧૧અને ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રીક્રુટમેન્ટ)ના પત્ર નં. જીએડી/ઈએસટી/ આર/ ૭૨૦ તા. ૨૦–૧૦–૧૧થી અધુરી અને અપારદર્શી માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૫૬ તા.૧૫–૧૨–૧૧ થી** ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ , પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને તથા અરજદારને તેમની ધારણાના સમર્થનમાં કોઈ દસ્તાવેજી આધાર હોય તો રજૂ કરવા સાથે અગાઉની સરખી માહિતી અંગે વિવિધ જાહેર માહિતી અધિકારી કક્ષાએ વાહન સહિત ડ્રાઈવરની માહિતીની તપાસણી હુકમનો ઉલ્લેખ કરી તેના આધારે દસ્તાવેજી આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૫૧ તા.૨૨–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૬૬ તા.૧૩–૧૦–૧૧ થી પર્સોનલ ઓફિસર (મહેકમ) તથા પર્સોનલ ઓફિસર (રીક્રૂટમેન્ટ) ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી

અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૯૮ તા.૧૯–૧૦–૧૧ થીઅરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૪૧ તા.૦૨–૦૨–૧૧ ના પત્રની નકલ, ડ્રાઈવરના કર્મચારી નંબર, નામ અને ડીપાર્ટ. અંગે પાના નંગ ૧ થી ૧૩ પાનાની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૮૪ તા.૧૩–૦૯–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૮૧ તા.૦૩–૧૦–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૬૧૭ તા.૦૫–૦૬–૦૯ ના હુકમની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૪૬ તા.૩૧–૦૮–૦૯ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૪૩ તા.૨૩–૦૩–૧૦ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૧૨૧૭ તા.૧૪–૦૭–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી જીએડી/ઈએસટી/આર/૮૭૦ તા.૨૨–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૨૦ તા.૨૦–૧૦–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૧૨–૧૧ નો પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તથા રીક્રુટમેન્ટને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૬૬ તા.૧૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં પર્સોનલ ઓફિસર (મહેકમ) તથા પર્સોનલ ઓફિસર (રીક્રુટમેન્ટ) ને તબદીલ કરવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૨૦ તા.૨૦–૧૦–૧૧ થી આઈ ડી નં.૧૦૦૪ તા.૧૨–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ ડ્રાઈવરોની નિમણુંક વિગેરે બાબતેની કોઈ માહિતી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા આપવાની થતી નથી તેવું જણાવેલ છે.જયારે જાહેર માહિતી અધિકારી મધયસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૯૮ તા.૧૦–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ડે.કમિ.(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા. ૨–૨–૧૧ના મધ્યસ્થ મહેકમ વિભાગનાં પત્ર નં. જી.એ.ડી./ઈ.એસ.ટી./૩૭૪૧માં સુરત મહાનગર સેવાસદનમાં કુલ ૬૪૭ વ્હીકલની(થ્રી વ્હીકલ/ ફોર વ્હીકલની) સંખ્યા છે અને ડ્રાઈવરોની સંખ્યા પણ ૬૪૭ છે અને આપશ્રીના મધ્યસ્થ મહેકમ વિભાગનાં તા. ૩–૧૦–૧૧ ના પત્ર નં. જી.એ.ડી./ ઈ.એસ.ટી./૨૨૮૧માં કુલ વ્હીકલની સંખ્યા ૭૫૬ જણાવો છો અને કુલ ડ્રાઈવરોની સંખ્યા સ્પષ્ટ પારદર્શી જણાવેલ નથી જેથી બંને પત્રોમાં કઈ માહિતી સાચી છે જે અંગેની તથા કુલ ડ્રાઈવરો અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૯૮ તા.૧૯–૧૦–૧૧ થી તેમની તા.૦૧–૦૧–૧૧ ની આઈ ડી નં.૧૦૦૬ ની આરટીઆઈ એકટ હેઠળની અરજીની માહિતીના અનુસંધાનમાં પત્ર નં. જીએડી/ઈએસટી/૩૭૪૧ તા.૦૨–૦૨–૧૧ થી વિવિધ ઝોન/ખાતાઓમાં ફરજ બજાવતા કુલ ૬૪૭ ડ્રાઈવરોના નામનું પત્રક આપવામાં આવેલ. જે પત્રકમાં કોઈ પણ વાહનની સંખ્યા માહિતી દર્શાવવામાં આવેલ નથી. તેમની તા.૦૨–૦૯–૧૧ ની આઈ ડી નં.૭૬૫ (સેન્ટ્રલઝોન) અરજીમાં અરજીના અનુસંધાનમાં અપત્ર નં.જીએડી/ ઈએસટી /૨૨૮૧ તા.૦૩–૧૦–૧૧ થી ખાતાને લાગત મુદ્દા નં.૨ (આંશિક) ની માહિતીના અનુસંધાનમાં અરજદારને ૨૧ ૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક ને લગતી મ્યુ. કમિ.શ્રીની જુદી જુદી મંજુરીની નકલ તથા મુદ્દા નં.પ આંશિક ની માહિતીના અનુસંધાનમાં ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જુદા જુદા ઝોન/વિભાગોમાં કચેરી હુકમ નં.(૧) જીએડી/ઈએસટી/૬૧૭ તા.પ–૬–૦૯ (૨) જીએડી/ઈએસટી/૧૬૪૬ તા.૩૧–૦૮–૦૯ (૩) નં.જીએડી/ઈએસટી/ ૪૧૪૩ તા.૨૩–૩–૧૦ તથા (૪) જીએડી/ઈએસટી/૧૨૧૭ તા.૧૪–૭–૧૦ થી કરવામાં આવેલ જેની નકલ તમોને આપવામાં આવેલ છે. સદર હુકમમાં નિમણુંક આપવામાં આવેલ ઉમેદવારનું નામ,ઝોન/વિભાગનું નામ દર્શાવવામાં આવેલ છે જેમાં કોઈ વાહનોની સંખ્યા જણાવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ડ્રાઈવરોની જાહેરાત નં.પી.આર.ઓ પ૯૭ માં કેટલા ડ્રાઈવરોને નિમણુંક આપલ છે જેની સંખ્યાની માહિતીની નકલ ફકત સંખ્યા આંકડામાં આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૯ ૮ તા.૧૯–૧૦–૧૧ થી ડ્રાઈવરો ની જાહેરાત નં.પીઆરઓ/પ૯૭ તા.૧૯–૦૩–૦૭ ના અનુસંધાનમાં કુલ ૨૨૪ ડ્રાઈવરો અનુક્રમે (૧) પેરા નં.૧ માં જણાવેલ મ્યુ. કમિ.શ્રીની જુદી જુદી મંજુરીઓ અન્વયે જણાવેલ જુદા જુદા કચેરી હુકમો કુલ ૨૧૮ ડ્રાઈવરો તથા (૨) કમિ.શ્રીની તા.૨૧–૦૨–૧૧ ની મંજુરીથી ૬ ડ્રાઈવરોની નિમણુંક કચેરી હુકમ નં. ૪૦૨૬ તા.૨૫–૨–૧૧ થી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તથા અધૂરી અને અપારદર્શી માહિતીથી નારાજ તા.૦૩–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૧૯–૧–૧૧ ના આપેલ ડ્રાઈવરોની સંખ્યા ૭૫૧ હોવાનુ અરજદારને જણાવેલ છે જયારે અરજદારે માનવુ છે કે વાહનોની સંખ્યા ૬૪૭ છે પરંતુ અરજદારે વાહનોની સંખ્યા ૬૪૭ હોવાના કોઈ આધાર રજૂ કરેલ નથી પરંતુ અનુમાનિત રજૂઆત કરેલ છે. આમ અરજદારને તેમને માંગવામાં આવેલી માહિતી અંગેની સ્પષ્ટતાસહ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપવામાં આવેલ છે જેમાં તેમના તરફથી ૬૪૭ વાહનો હોવાની કોઈ માહિતી પત્રક આપેલ નથી. જયારે ૬૪૭ ડ્રાઈવર હોવાનું પત્રક આપેલ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ ), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ).....જાણ તથા અમલ માટે
(૨)શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,